# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-03-2024** **Morning : 7.45 to 7.55 am**

**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **SANSKRUTI BHUNDIYA** વાંચે છે.

***********************************************************************

- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડતાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત આરંભ થશે.
- ચૂંટણી પંચે મીડિયાકર્મીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની મંજૂરી આપી છે.
- સર્વોચ્ચ અદાલતે નાગરિકત્વ સુધારા ધારો CAA ના અમલીકરણ સામે મનાઇ હુકમ આપવા ઇન્કાર કર્યો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભને સંબોધશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ભૂટાનની બે દિવસીય સરકારી મુલાકાતે જશે.
- UPSCએ ૨૬ મે ના રોજ યોજાનાર સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા 2024 મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.
- સ્વિટ્ઝર્લેન્ડના બાસેલમાં  સ્વિસ ઓપન બેડમિન્ટનમાં ભારતની ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલી મહિલા ડબલ્સ વર્ગની પ્રી ક્વાર્ટરમાં પહોંચી-ગયા છે.

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# REV. LS POLL NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડતાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો આજથી વિધિવત આરંભ થશે. સાત તબક્કામાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે. આજે જાહેરનામું બહાર પડતાં આગામી 27મી માર્ચ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિલનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિત રાજયોમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોએ વેબકાસ્ટીંગ ઉપરાંત દેશભરમા ચેકપોઇન્ટ ઉભા કરવા, ડ્રોન દ્વારા સરહદી વિસ્તારમાં દેખરેખ રાખવી સહિતના પગલાં લેવાશે.

## ELECTION-COMMISSION

ચૂંટણી પંચે મીડિયાકર્મીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની મંજૂરી આપી છે. ગઈકાલે  ચૂંટણી પંચે આ અંગે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. અગાઉ, આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા લોકો પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મત આપી શકતા હતા. હવે મીડિયાકર્મીઓ પણ આનો લાભ લઈ શકશે. પંચે આ હેતુ માટે નોડલ ઓફિસરની નિયુક્તિ કરવાની જોગવાઈ કરી છે.

## CONGRESS--CEC

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક નવી દિલ્હીમાં મળી હતી. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી હાજર હતા. બેઠકમાં સિક્કિમ, અરુણાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળ, ચંદીગઢ, આંદામાન નિકોબાર અને પુડુચેરીના વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ પણ હાજર હતા.

## BJP- TARANDIP SINGH SANDHU

લોકસભાની ચૂંટણીના થોડા દિવસો પહેલા જ અમેરિકામાં ભારતના પૂર્વ રાજદૂત તરનજીત સિંહ સંધુ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. ઝારખંડ મુક્તિ મોરચાના ધારાસભ્ય સીતા સોરેન પણ ગઈકાલે નવી દિલ્હીમાં ભાજપમાં જોડાયા હતા.

## Lok Sabha Election Ahmedabad

લોકસભા સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કામાં આગામી 7મી મે ના રોજ ગુજરાતની તમામ 26 બેઠકો માટે મતદાન યોજાશે. આ માટે આગામી 12મી એપ્રિલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી. કે. અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કરે જિલ્લામાં ચૂંટણી તંત્રની તૈયારીઓ અંગે પત્રકારો સમક્ષ વિગતો રજૂ કરાતાં જણાવ્યું કે, અમદાવાદ જિલ્લામાં કુલ- 60 લાખ 39 હજાર 145 મતદારો નોંધાયેલા છે. જેમાં 31 લાખ 33 હજાર 284 પુરુષ મતદારો અને 29 લાખ 05 હજાર 622 સ્ત્રી મતદારો તથા 239 ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં 18થી 19 વર્ષના મતદારો- 1 લાખથી વધુ છે, જેઓ

પ્રથમ વખત મતદાન કરશે. એવી જ રીતે 1 હજાર 259 મતદારો 100 વર્ષ ઉપરના શતાયુ મતદારો છે અને 30 હજાર 732 દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે.

આ ઉપરાંત નાગરિકોની સુવિધા માટે 24 કલાક માટે ઉપલબ્ધ જિલ્લા હેલ્પલાઇન નંબર 1950 અને ટોલ ફ્રી નંબર 1800 233 1966 જાહેર કરવામાં આવ્યા છે.

# SC-CAA

સર્વોચ્ચ અદાલતે નાગરિકત્વ સુધારા ધારો **CAA** ના અમલીકરણ સામે મનાઇ હુકમ આપવા ઇન્કાર કર્યો છે.

અદાલતે આ ધારાના અમલીકરણને પડકારતી 237 અરજીઓ અંગે આગામી ત્રણ અઠવાડિયામાં પ્રતિભાવ આપવાનો નિર્દેશ કેન્દ્ર સરકારને આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડ, ન્યાયાધીશ જે.બી.પારડીવાલા, અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બનેલી બેન્ચે **CAA ના** અમલીકરણને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આ કેસની કાર્યવાહી આગામી 9મી એપ્રિલ સુધી મુલતવી રાખી છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય મુસ્લિમ લીગ કોંગ્રેસના નેતા જયરામ રમેશ સહિત વિવિધ અરજદારોએ **CAA ના** અમલીકરણને પડકારતી 237 અરજીઓ સર્વોચ્ચ અદાલતમાં કરી છે.

# PM-STARTUP MAHAKUMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભને સંબોધશેએક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ., તે એક પ્લેટફોર્મ છે જે સ્ટાર્ટઅપ્સ, ઇનોવેટર્સ અને ઉભરતા ઉદ્યોગસાહસિકોની દુનિયાના હિતધારકોને

એકસાથે લાવે છેતેમણે કહ્યું કે ., સ્ટાર્ટઅપ્સની દુનિયામાં ભારતની પ્રગતિ છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ રહી છે.

ત્રણ દિવસીય સ્ટાર્ટઅપ મહાકુંભનો સોમવારથી પ્રારંભ થયો હતોજેમાં . AI, B2B, એગ્રીટેક, ડીપટેક, ક્લાઈમેટ ટેક, ગેમિંગ, ઈસ્પોર્ટ્સ-, ફિનટેક, ઈન્ક્યુબેટર્સ અને એક્સીલેરેટર પર ખાસ પેવેલિયન બનાવવામાં આવ્યા છેઆ કાર્યક્રમનો ઉદ્દેશ્ય . સાહસ મૂડીવાદીઓ, રોકાણકારો અને સંભવિત કોર્પોરેટ ભાગીદારો સહિત શોધકર્તાઓ સાથે સ્ટાર્ટઅપ્સને જોડવાનો છે.

## PM-BHUTAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ભૂટાનની બે દિવસીય સરકારી મુલાકાતે જશે .

મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકને મળશે .

તેઓ તેમના ભૂટાનના સમકક્ષ શેરિંગ તોબગે સાથે પણ વાતચીત કરશે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ મુલાકાત ભારત અને ભૂટાન વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની પરંપરા અને પડોસી પ્રથમ નીતિ પર સરકારના ભારને ધ્યાનમાં રાખીને છેભારત અને ભૂટાન એક અનન્ય અને કાયમી ભાગીદારી . ધરાવે છે જે પરસ્પર વિશ્વાસ, સમજણ અને સદ્ભાવના પર આધારિત છે .

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, વહેંચાયેલ આધ્યાત્મિક વારસો અને લોકો વચ્ચેના ઉષ્માભર્યા સંબંધો અસાધારણ ભારતભૂટાન સંબંધોમાં ઊંડાણ અને - આ મુલાકાત બંને પક્ષોને હિતના દ્વિપક્ષીય અને પ્રાદેશિક .ગતિશીલતા ઉમેરે છે મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડશે અને બંને દેશોના

લોકોના લાભ માટે અનુકરણીય ભાગીદારીને વિસ્તૃત અને તીવ્ર બનાવવાની રીતો પર ચર્ચા કરશે.

## UPSC-EXAMINATION

કેન્દ્રીય જનસેવા આયોગ -UPSCએ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા 2024 મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે (પ્રિલિમિનરી) સિવિલ સર્વિસિસ . પરીક્ષા2024, જે ભારતીય વન સેવા પરીક્ષા, 2024 માટે સ્ક્રીનિંગ ટેસ્ટ તરીકે પણ કામ કરે છે આ પરીક્ષા અગાઉ આ વર્ષે .26 મેના રોજ યોજાવાની હતી જે હવે આ વર્ષે 16 જૂને લેવામાં આવશેઆયોગે આગામી સામાન્ય ચૂંટણીઓને કારણે પરીક્ષા . .મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે

## LOKPAL--CBI-TMC

લોકપાલે કેન્દ્રીય તપાસ સંસ્થા (CBI) દ્વારા TMCના ભૂતપૂર્વ સાંસદ મહુઆ મોઇત્રા સામે રોકડ-બદલ-ક્વેરી ચાર્જીસમાં તપાસનો આદેશ આપ્યો છે.

લોકપાલે જણાવ્યું હતું કે રેકોર્ડ પર મોઇત્રા વિરુદ્ધ પૂરતા પ્રથમદર્શી પુરાવા છે જે ઊંડી તપાસને પાત્ર છે. આ નિર્દેશ ભાજપના સાંસદ નિશિકાંત દુબેની ફરિયાદ પર આવ્યો છે જેમાં આરોપ છે કે મોઇત્રાએ દુબઈ સ્થિત ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી રોકડ અને ભેટોના બદલામાં લોકસભામાં પ્રશ્નો પૂછ્યા હતા.

## NIA-WEST BENGAL

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIAએ ગયા વર્ષે માર્ચમાં પશ્ચિમ બંગાળમાં રામ નવમીની ઉજવણી દરમિયાન થયેલી સાંપ્રદાયિક હિંસા સંબંધિત કાવતરામાં 11 વધુ આરોપીઓની ધરપકડ કરી છેજેમાં . શમીમ અહેમદ, બલવંત સિંહ, મહમૂદ આલમ,

મહફૂઝ આલમ, શમશાદ આલમ, મોહમ્મદ અલી, સલીમ જાવેદ, સરફરાઝ આલમ, ફિરોઝ ખાન, મોહમ્મદ સમીર અંસારી અને શમશાદ હુસૈનનો સમાવેશ થાય છે . NIAએ જણાવ્યું કે આ તમામ આરોપી હાવડાના શિબપુરના રહેવાસી છે.

હાવડાના શિબપુરમાં હુમલા બાદ ફાટી નીકળેલી હિંસાને ધ્યાનમાં રાખીને શરૂઆતમાં રાજ્ય પોલીસે 36 આરોપીઓના નામે ફરિયાદ નોંધી હતીકલકત્તા વડી . અદાલતે ગયા વર્ષે એપ્રિલમાં રામ નવમીની ઉજવણી દરમિયાન સાંપ્રદાયિક હિંસા સંબંધિત તમામ કેસ NIAને સોંપવાનો આદેશ આપ્યો હતો.

## HAMAS- LEADER KILLED

હમાસના ડેપ્યુટી મિલિટરી કમાન્ડર મારવાન ઈસા ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયા છે .

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને આ વાત કહી . ઇઝરાયલી મીડિયાના સૂત્રોએ એ પણ અહેવાલ આપ્યો હતો કે ગયા અઠવાડિયે મધ્ય શરણાર્થી શિબિર હેઠળ એક ટનલ કોમ્પ્લેક્સ પર હુમલામાં ઇસા ગાઝામાં નુસીરાત .માર્યો ગયો હતો

જો કે, ગાઝાને નિયંત્રિત કરતા પેલેસ્ટિનિયન જૂથે તેના મૃત્યુના અહેવાલો પર સત્તાવાર રીતે ટિપ્પણી કરી નથી .

મી ઓક્ટોબરે યુદ્ધ શરૂ થયું ત્યારથી ઇસા હમાસનો સૌથી વરિષ્ઠ નેતા છે 7 તે ગયા વર્ષે ઑક્ટોબરમાં ઇઝરાયેલ પર હુમલો કરવાના નિર્ણય .થયું છે જેનું મૃત્યુ વો-સાથે સીધો જોડાયેલો હતો અને તેને ઇઝરાયલના મોસ્ટ્વન્ટેડ માણસોમાંનો એક ગણવામાં આવતો હતો.

## MUMBAI-DRUG

મુંબઈમાં ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ-ડીઆરઆઈ ઑફિસે લગભગ દસ કિલોગ્રામ કોકેઈન સાથે ચાર લોકોની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત અંદાજે 100 કરોડ રૂપિયા છે. ડીઆરઆઈએ બે ઈન્ડોનેશિયન અને થાઈ મહિલાઓને પકડી હતી જે ઈથોપિયા થઈને ભારત આવી હતી. આ ડ્રગ્સ દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં લઈ જવામાં આવી રહ્યું હતું.

## NIA-WEST BENGAL

રાષ્ટ્રીય તપાસ સંસ્થા NIAએ ગયા વર્ષે માર્ચમાં પશ્ચિમ બંગાળમાં રામ નવમીની ઉજવણી દરમિયાન થયેલી સાંપ્રદાયિક હિંસા સંબંધિત કાવતરામાં 11 વધુ આરોપીઓની ધરપકડ કરી છેજેમાં . શમીમ અહેમદ, બલવંત સિંહ, મહમૂદ આલમ, મહફૂઝ આલમ, શમશાદ આલમ, મોહમ્મદ અલી, સલીમ જાવેદ, સરફરાઝ આલમ, ફિરોઝ ખાન, મોહમ્મદ સમીર અંસારી અને શમશાદ હુસૈનનો સમાવેશ થાય છે . NIAએ જણાવ્યું કે આ તમામ આરોપી હાવડાના શિબપુરના રહેવાસી છે.

હાવડાના શિબપુરમાં હુમલા બાદ ફાટી નીકળેલી હિંસાને ધ્યાનમાં રાખીને શરૂઆતમાં રાજ્ય પોલીસે 36 આરોપીઓના નામે ફરિયાદ નોંધી હતીકલકત્તા વડી . અદાલતે ગયા વર્ષે એપ્રિલમાં રામ નવમીની ઉજવણી દરમિયાન સાંપ્રદાયિક હિંસા સંબંધિત તમામ કેસ NIAને સોંપવાનો આદેશ આપ્યો હતો.